**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૦ ટકા

# શહેરના મંદિરના દ્વાર ખૂલે તેવી ભાવિકોને આશા

ગાંધીનગર, તા.૩૦

કોરોનાના વધતા જતા કેસની સંખ્યા જોઈને ઘણા લોકોમાં ડર વ્યાપી ગયો છે લોકડાઉને દરેકને ઘરમાં જ રાખીને આ ડરના પ્રમાણમાં વધારો કર્યો છે. ધાર્મિક સ્થળો, મંદિર, મસ્જિદ, ચર્ચ, અગિયારી તમામ ધાર્મિક સ્થળોના દ્વાર પણ અમુક સમય માટે બંધ કરી દેવા માં આવ્યા હતા. ત્યારે માનવી જાય તો જાય ક્યાં અને કોઈ રસ્તો ન મળતા તમામ પોતાની જાત ને કોરોના સંક્રમણથી બચાવવા ઘરે જ રહેવા લાગ્યા હતા. નગરજનો જેને સવારે ઘરની બહાર જતા સૌ પ્રથમ મંદિરે માથું ટેકવાનો જે નિયમ હતો તેમને તેમની આદત સુધારવામાં ઘણો સમય લાગ્યો હતો. પરંતુ આવનાર દિવસોમાં એટલે કે લોક ડાઉન ૪ બાદ નગરના મંદિરોના દ્વાર ખુલશે તેવી ચર્ચા થઈ રહી છે.

નગરની ધાર્મિક સંસ્થાઓ તથા મંદિર સાથે જોડાયેલા અગ્રણીઓ દ્વારા જણાવાયું છે કે, આવનાર દિવસોમાં મંદિરો ખુલવાની વાત ને મંજૂરી અપાય તો સરકારની ગાઈડ લાઈન મુજબ કામગીરી કરવામાં જરાય પાછા નહીં પડીએ. ૨૦ થી વધુ વ્યક્તિઓ મંદિરમાં ના રહે તેવી તકેદારી રાખવામાં આવશે. સાથે કરફ્યૂના સમયને ધ્યાનમાં લઈને જ આરતી કરવામાં આવશે. આમ તો દરેક બદલાતી ઋતુ મુજબ આરતી ના સમયમાં ફેરફાર થતાં રહેતા હોય છે.પરંતુ હાલ ની પરિસ્થિતિમાં જનતા કરફ્યૂના સમય મુજબ જ આરતીનો સમય નક્કી કરાશે. આપણા નગરના મંદિરોમાં દરેક પોતપોતાના સમયે દર્શન અર્થે આવતા હોય છે એટલે હાલમાં કોઈ સ્પેશિયલ



વ્યવસ્થા કરવામાં આવી નથી. પરંતુ સરકાર દ્વારા કોઈ ગાઈડ લાઈન આવે તો અમે આગળ એ રીતે જ વર્તીશું અને દર્શન સિવાય પૂજા પાઠ માટે મંજૂરી આપવામાં આવશે નહિ.

આ ઉપરાંત નગરના અમુક મંદિરના વ્યવસ્થાપકો જણાવે છે કે, સરકારની ગાઈડ લાઈન બાદ જ અમે મંદિર બાબતો નો કોઈ નિર્ણય લઈએ.આ ઉપરાંત નગરના સ્વામિનારાયણ મંદિર સે ૨૩ પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજી જણાવે છે કે, વર્તમાન કોરોનાના સંકટને લઈને સરકારશ્રીને પ્રજાના સ્વાસ્થ્ય માટે જે કોઈ નિર્ણયો લેવા પડયા તેમાંનો એક નિર્ણય ધાર્મિક સ્થળો બંધ રાખવાં. હવે જયારે ધાર્મિક સ્થળોને નિયમોને આધિન ખોલવાની મંજુરી આપવાની વાત છે ત્યારે શ્રદ્ધાળુઓની માનસિક સ્થિતિના સમતુલમાં અને સ્વાસ્થ્ય માટેની આધ્યાત્મિક ઉર્જા દેવ દર્શન પ્રાર્થના દ્વારા પ્રાપ્ત થાય છે. એટલે જ કહ્યું છે કે 'દવા સાથે દુઆ'નું ઘણું મહત્વ છે તેથી ધાર્મિક સ્થળોને ખોલવાની મંજુરી એ ખુબ સારો નિર્ણય છે.

પરંતુ, હા એક વાત તો અતિ જરૂરી છે કે સરકાર દ્વારા ધાર્મિક સ્થાનો માટે દર્શનાથીઓ માટે જે કોઈ નિતી નિયમો નક્કી કરવામાં આવ્યાં હોય તેનું ચુસ્ત પણે પાલન કરવું અને કરાવવું એ આપણા સૌના સ્વાસ્થ્ય સુખાકારી માટે જરૂરી છે અને તેનું પાલન કરવું, કરાવવું એ આપણી સૌની નૈતિક ફરજ છે. આ માટે સે-૨૩, સ્વામિનારાયણ મંદિર દ્વારા સેનીટાઈઝ ટર્નલ, સોશયલ ડીસટન્સ, જરૂરી સુચનાના બોર્ડ તેમજ ફરજીયાત માસ્ક પહેરીને આવવું વગેરે તકેદારીઓ માટે સંસ્થા વ્યવસ્થા કરી રહી છે.

# જાગૃત નાગરિકના પ્રયાસથી સે-૭ સીના કોમન પ્લોટના કચરા-ગંદકીનો નિકાલ થયો





ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર આમ તો ફૂલોની નગરી તરીકે ઓળખાય છે અને તે સાથે હવે તો 'ડસ્ટ ફ્રી સિટી' હોવાના પણ દાવા કરવામાં આવે છે. જો કે આ કોરોના કટોકટીમાં મહાનગર પાલિકા દ્વારા હજુ સુધી જાહેર સફાઈનો આખરી નિર્ણય લેવામાં નહીં આવતાં વિવિધ સેકટરોના કોમન પ્લોટમાં કચરો-ગંદકી એકઠા થયાં છે. આ પ્રકારની સ્થિતિ સેક્ટર-૭સીમાં સર્જાઈ હતી જે માટે એક જાગૃત વસાહતી દ્વારા કરવામાં આવેલા પ્રયાસને પગલે આ કચરો અને ગંદકી દૂર કરવામાં આવી છે. આ કચરો-ગંદકી સાફ કરીને વસાહતીઓના સ્વાસ્થ્ય માટે ઉપકારક કાર્ય કરનારા કોરોના વોરિયર્સ સફાઈ કર્મચારીઓ પ્રત્યે આભારની લાગણી પણ વ્યક્ત કરવામાં આવી હતી.

સેક્ટર-૭સીમા કોમન પ્લોટમાં વધી ગયેલા કચરા અને ગંદકીના ઢગને કારણે દુર્ગંધ સાથે વસાહતીઓના સ્વાસ્થ્ય માટે પણ જોખમરૂપ સ્થિતિ સર્જાઈ રહી હતી. આ બાબતે વસાહતના જાગૃત નાગરિક જયેશ મેવાડા દ્વારા કોમન પ્લોટ તથા આસપાસના વિસ્તારમાં ખૂબ જ કચરો ભેગો થયો હોવાનો વસાહતના 'સેક્ટર-૭/સી પરિવાર' વોટ્સએપ ગ્રૂપમાં મેસેજ કરી જાણ કરવામાં આવી હતી. જાગૃત વસાહતીની સમસ્યાની રજૂઆત વસાહતના સક્રિય ગ્રુપ દ્વારા સંલગ્ન સરકારી તંત્રના ધ્યાન ઉપર લાવવામાં આવતા તે વિસ્તારમાં તાત્કાલિક સફાઈ ઝુંબેશ આદરવામાં હતી જેમાં એક ટ્રેક્ટર ભરીને કચરાંનો નિકાલ કરવામાં આવતાં વસાહતીઓએ આંનદની લાગણી સાથે કોરોના વોરિયર સફાઈ કામદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

**૪જી નેટવર્ક કરાવો નહી તો કાર્ડ બંધ થઈ જશે કહીને**

# સેક્ટર-30 ના યુવક સાથે ૧૦.૬૬ લાખની છેતરપિંડી

**ઓનલાઈન એપ્લિકેશન કરીને ગઠીયાએ ૮,૯૪,૪૨૮ની લોન મંજુર કરાવી અલગ અલગ ટ્રાન્ઝેકશન દ્વારા રૂપિયા ઉપાડી લીધા**

ગાંધીનગર, તા.૩૦

શહેરના એક યુવકનો આઈડીયા કંપનીમાંથી વાત કરી રહ્યો છું, તેમ કહીને ૨જી સિમકાર્ડમાંથી ૪જી નેટવર્ક કરાવો નહી તો સિમકાર્ડ બંધ થઈ જશે, તેમ કહીને ૨૪ કલાક માટે સિમકાર્ડ બંધ કરીને સેક્ટર-૩૦ માં રહેતા યુવકના બે એકાઉન્ટમાંથી ગઠીયાએ રૂ.૧૦.૬૬ લાખની છેંતરપિંડી કરી છે. આધાર નંબર મેળવીને છેતરપિંડીની ઘટના બનતા યુવકે સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ દેવલભાઈ વિમલભાઈ પટેલના મોબાઈલ ફોન પર ગત તા.૧૫ મે ના રોજ સાંજે તેમના પર મોબાઈલ ફોન આવ્યો હતો. જેમાં સામેવાળા શખ્સે આઈડીયા કંપનીમાંથી બોલુ છું કહીને ૨જી નેટવર્કમાંથી ૪જી નેટવર્ક નહીં કરાવો તો કાર્ડ બંધ થઈ જશે. જેને પગલે સામેવાળાએ ફરીયાદીનો આધારકાડ નંબર લઈને કંપનીમાંથી આવતા મેસેજનો વાયમાં રીપ્લાય આપવાનું કહ્યું હતું. સીમ ૪જી અપગ્રેડ કરવા માટે રીકવેસ્ટ મળેલ છે તેવો મેસેજ મળતા જ ફોનનું નેટવર્ક જતું રહ્યું હતું.તા.૨૨ મે સુધી કાર્ડ ચાલુ ન થતા યુવકે આઈડીયા નેટવર્કમાં જઈને કાર્ડ ચાલુ કરાવ્યું હતું. યુવક પૈસા ઉપાડવા માટે એટીએમ ગયો તો માત્ર એકાઉન્ટમાં ૧૯૦ રૂપીયા હતા. જેમાં પડેલા ૧૬,૧૧૫ રૂપીયા ડેબીટ થઈ ગયા હતા. તેમજ આ જ એકાઉન્ટમાં ઓનલાઈન એપ્લિકેશન કરીને રૂ,૮,૯૪,૪૨૮ લોન મંજુર થઈ હતી. આ રૂપીયા અલગ અલગ ટ્રાન્જેકશન દ્વારા ઉપાડી લેવાયા હતા. પોતાનું બીજુ એકાઉન્ટ યુવકે ચેક કરતા તેમાંથી પણ ગઠીયાએ કરામતથી રૂ.૧,૫૬,૪૨૪ રૂપીયા ડેબીટ થઈ ગયા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવતા યુવકે સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## સોમવારે ગાંધીનગર સે-૧૧માં અખબાર ભવન ખાતે રક્તદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લૉકડાઉનના કારણે રક્તની અછત સર્જાઇ છે, આ સમયે સેવાભાવી નાગરિકોની ફરજ છે કે રક્તદાન કરીને આ અછતને પુરી કરે જેથી અણીના સમયે કોઈનો જીવ બચાવવા તે ઉપયોગી બને. ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ ક્લબ દ્વારા આગામી તારીખ ૧લી જૂન સોમવારના રોજ સવારે ૧૦ થી બપોરના ૧ વાગ્યા સુધી સેક્ટર-૧૧માં અખબાર ભવન આયોજન સ્વૈચ્છીક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રક્તદાન કેમ્પનો અચુક લાભ લેવા વિનંતી. આ રક્તદાન કેમ્પનું આયોજન સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગરના મેડીકલ ક્ષેત્ર સાથે જોડાયેલ લોકોનું સંગઠન 'સનસેટ ફાઉન્ડેશન' અને ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ ક્લબના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. હાલ કોરોનાની મહામારી વચ્ચે ગાંધીનગર સિવીલ હોસ્પિટલ ખાતે દર્દીઓને લોહીની જરુરીયાત સામે પુરતા પ્રમાણમાં લોહી મળી રહે તે માટે આ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. રક્તદાન કેમ્પ અંગે વધુ વિગત માટે ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ ક્લબના પ્રમુખ અનિરુધ્ધસિંહ ઝાલાનો મો.૯૩૭૭૫ ૭૭૭૦૧૫૨ સંપર્ક સાધી શકાશે.

# ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ખાતે ૧૦મી જૂનથી પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતે સ્થિત ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા આગામી તા.૧૦મી જૂનથી સેન્ટર ઓફ એજ્યુકેશન તથા ટીચર યુનિવર્સિટી સાથે સંલગ્ન રાજ્યની બી.એડ. કૉલેજોમાં વિવિધ સ્નાતક, અનુસ્નાતક અને શિક્ષણ વિદ્યાશાખામાં રીસર્ચના કાર્યક્રમોમાં અભ્યાસ વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રવેશ મેળવવા માટેની ઓનલાઈન એપ્લિકેશન પ્રક્રિયા શરૂ કરાશે. આ ઉપરાંત રાજ્યની અન્ય તમામ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ. કોલેજોનું જોડાણ હવે આઈ.આઈ.ટી.ઈ. સાથે કરવામાં આવ્યું હોવાથી આ તમામ કોલેજોના બે વર્ષના બી.એડ. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા પણ આઈ.આઈ.ટી.ઈ. દ્વારા હાથ ધરાશે.

આઈ.આઈ.ટી.ઈ.ના સેન્ટર ઓફ એજ્યુકેશન દ્વારા બીએસસી-બીએડ તથા બીએ-બીએડનાચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમો ઉપરાંત, ત્રણ વર્ષના ઈન્ટિગ્રેટેડ ઈનોવેટિવ એમેસસી, એમએ-એમએડ ત્રણ વર્ષના ઈન્ટિગ્રેટેડ બીએડ-એમએડ, બે વર્ષના એમએડ અભ્યાસક્રમો અને શિક્ષણ વિદ્યાશાખામાં સંશોધનાત્મક કાર્યક્રમો એમફિલ તથા પીએચડી ચલાવવામાં આવે છે. આ ઈન્ટિગ્રેટેડ કોર્સમાં પ્રવેશ મેળવીને વિદ્યાર્થીઓ ચાર વર્ષમાં બે બેચલર ડિગ્રી મેળવી શકે છે અને તેમનું એક મહત્ત્વપૂર્ણ વર્ષ બચાવી શકે છે.

ઉલ્લેખનીય છે કે આ તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ 'આઈથ્રીટી' - ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ ફોર ટીચર ટ્રેઈની પરીક્ષા આપવાની રહેશે. આ વિશે માહિતી આપતા આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે, 'આઈથ્રીટી'એ પ્રવેશવાંચ્છુક વિદ્યાર્થીઓમાં શિક્ષક બનવા માટેની ક્ષમતા ચકાસવા માટેની પ્રવેશ પરીક્ષા છે. આ પરીક્ષા માટેની અપ્લિકેશન આઈ.આઈ.ટી.ઈ.ની વેબસાઈટ પર ઓનલાઈન કરવાની રહેશે. તા.૧૦ જૂનથી શરૂ થનારી ઓનલાઈન એપ્લિકેશન ૬ જુલાઈ સુધી કરી શકાશે.'' તેમણે વધુમાં જણાવ્યું કે, ''અમે વિદ્યાર્થીઓની અનુકૂળતા માટે તેઓ જે જિલ્લામાં રહેતા હશે તે જિલ્લા મથકોએ તથા જરૂર પડશે તો તાલુકા મથકોએ 'આઈ૩ટી' પ્રવેશ પરીક્ષાનું આયોજન કરીશું. તા.૨૭ જુલાઈના રોજ એડમિશન મેળનારા વિદ્યાર્થીઓનો ઈન્ડકશન પ્રોગ્રામ યોજાશે અને ૧લી ઓગસ્ટથી યુનિવર્સિટીમાં અભ્યાસકાર્યની શરૂઆત થશે.'' આઈ.આઈ.ટી.ઈ.માં અભ્યાસ કરવા માટેની પ્રવેશ એપ્લિકેશન યુનિવર્સિટીની વેબસાઈટ પર ૧૦ જૂનથી ૬ જુલાઈ સુધી કરી શકશે.



કોરોનાની મહામારી સામે જાગૃતિ આવી ગઈ છે. હવે લગભગ દરેકે દરેક વ્યકિતના મોઢા પર રૂમાલ કે માસ્ક બાંધેલો જોવા મળે છે. અરે નાના બાળકને પણ હવે માસ્ક પહેરાવવામાં આવે છે. કોરોનાની મહામારીનો વ્યાપ હજી ઘટયો નથી ત્યારે માસ્ક પહેરીને સાયકલ પર અંબાજી જવા નીકળેલા આ સાધુ તમામને સાવચેતી રાખવાનો નિર્દેશ આપી રહ્યા છે.

# ...તમે પણ આત્મનિર્ભર છો એ જાણીને મને ખૂબ આનંદ થયો

ગાંધીનગર, તા.૩૦

કોરોના મહામારીના પગલે એક પછી એક લાગુ પડેલા લોકડાઉનના કારણે હવે નાગરિકો ત્રસ્ત થઈ રહેલા જણાઈ રહ્યા છે અને હવે જયારે લોકડાઉન-૪ એના અંત ભણી પહોચ્યું છે ત્યારે ફરી એકવાર લોકડાઉન વધશે કે પૂરું થશે તે અંગે અટકળોનો દૌર એટલો વધી ગયો કે ખુદ મુખ્યમંત્રીએ ખુલાસો કરવો પડ્યો છે કે ફરીથી કડક લોકડાઉન લાદવાની સરકારે કોઈ વિચારણા કરી નથી. જો કે આ તમામ સંજોગોમાં સ્માર્ટ ફોનના સહારે સસ્તા ઈન્ટરનેટની મહેરબાનીમાં નેટિઝન્સ હજુ પણ અવનવા ચબરકીયા થકી ટાઈમ પાસ કરી રહ્યા છે અને હવે તેમનો મુદ્દો માત્ર કોરોના વાઈરસ કે લોકડાઉન નથી બલ્કે હવે તો મસ્તીખોરો કેન્દ્ર સરકારના 'આત્મ નિર્ભરતા અભિયાન'ને પણ આડે હાથ લઈ મોજ માણી રહ્યા છે. અત્રે પ્રસ્તુત છે કેટલાક સેમ્પલ્સ...!

●●●

તમે ગટરમાં કેવી રીતે પડી ગયા ?

ભાઈ, ઢાંકણા વગરની ખુલ્લી ગટરને ભુલથી સોશિયલ ડિસ્ટન્સિંગનું કુંડાળું સમજી બેઠો'તો..!!

●●●

માસ્ક બનાવતી કંપનીને જણાવાનું કે ચોમાસા પહેલા વૉટરપ્રુફ માસ્ક બનાવો, નહિતર માસ્ક ભીના પહેરશું તો શરદી ઉધરસ થઈ જશે... આતો ગામ વિચારે એ પહેલાં મેં વિચારી લીધું...!!

●●●

કોરોનાએ તો માણસાઈ જીવંત કરી છે.. બાપલીયા

ટેસ્ટ તમે કરાવો ને પ્રાર્થના આખી સોસાયટી કરે...!!

●●●

દીકરો ધાબે સૂતો હતો અને એની મમ્મી એને જગાડવા ગઈ.

મમ્મી- ચલ ઉઠ હવે!!

દીકરો -દવા તો શાંતિથી લેવા દે...

મમ્મી- મગજ ફરી ગયું છે કે શું? શેની દવા?

દીકરો - વિટામિન ડી લઈ રહ્યો છું. પૂરતો ડોઝ લઈને હમણાં આવું છું.

●●●

જૂની કહેવત : ના રહેગા બાંસ, ના બજેગી બાંસુરી !

નવી (સરકારી) કહેવત : નહીં હોગા ટેસ્ટ, ના બઢેગા કેસ !

●●●

હવે થી કોઈ પણ સ્ત્રી ને આંટી નહી કહેવાનુ. સ્વદેશી અપનાવો . 'માસી' કહી શકો છો.

●●●

સાહેબ: 'મેં તમને ફોન કર્યો હતો. તમારા શ્રીમતીજી એ ફોન ઉપાડ્યો હતો અને કીધું કે તમે રસોઈ બનાવો છો. ચાલો, સમજી લીધું કે તમે આત્મનિર્ભર છો, પણ પછી તમે મને રીપ્લાય કેમ ના આપ્યો?'

કર્મચારી : 'સરજી, મેં તમને રીપ્લાય કોલ કર્યો હતો. મેડમે ફોન ઉપાડ્યો હતો અને કીધું કે તમે કપડાં ધોવો છો. તમે પણ આત્મનિર્ભર છો એ જાણીને મને ખૂબ આનંદ થયો.'

●●●

લગ્ન માટે જાન લઈ ને ૫૦ નહીં ૪૯ વ્યક્તિ જ જવાનું.. નહીં તો પાછા આવશો ત્યારે ૫૧ થઈ જશો....આ તો યાદ કરાવ્યું

●●●

ડૉક્ટર: બોલો ભાઈ શુ થાય છે..?

ભાઈ : ડૉક્ટર સાહેબ, શ્વાસ લેવા માં બહુ તકલીફ થાય છે, લાગે છે કોરોના થયો હોય તેમ લાગે છે,

ડૉક્ટર: માસ્ક કાઢી ને શ્વાસ લઈ જુઓ.

ભાઈ : હા, ડૉક્ટર સાહેબ હવે સ્વાસ લેવાય છે

ડૉક્ટર: નિકળ અહીથી, જિન્સના પેન્ટના માસ્ક ના હોય.

●●●

આ તીડનો હુમલો ચીનમાં થાય તો એ લોકો ઘરના બારી બારણા ખુલ્લા રાખીને આખા વર્ષનું 'અનાજ' ભરી લે કે નહીં ?

●●●

પહેલા નિશાળેથી ભાગીને સીધા સુરત - મુંબઈ કામ કરવા નીકળી ગ્યા...

હવે સુરત - મુંબઈથી ભાગીને આવે છે તો સીધા નિશાળમાં જ ઉતારો મળે છે...!!

નિશાળે બદલો લીધો...!!

●●●

લોકડાઉનમાં બે વસ્તુ બોવ કામ લાગી...

લુડો ને બરમુડો...

●●●

આજકાલ કહ્યા વિના એકદમ વિડીઓ કોલ્સ આવી જાય છે એટલે ઘરમાં ય તૈયાર થઈને રહેવું પડે.

કામવાળા જેવા ભલે થઈ ગયાં હોઈએ, લાગીએ તો નહીં !!

## ચિરવિદાય

- સ્વ. કૈલાશચંદ્ર જોઈતારામ છીંપી, ઉ.વ. ૬૪
- સ્વ. અરવિંદભાઈ જેઠાભાઈ જાદવ, ઉ.વ. ૬૯
- સ્વ. જયવંતીબેન ઘનશ્યામભાઈ પંડયા, ઉ.વ. ૮૯
- સ્વ. ગૌરીબેન અમૃતભાઈ કનોજીયા, ઉ.વ. ૬૪
- સ્વ. બ્રહ્મભટ્ટ ઘનશ્યામ ઈન્દ્રવદન, ઉ.વ. ૪૫

## આજે સ્થાનક જૈન સંઘના સભ્યો ૨,૭૫,૫૦૦ મંત્ર જાપ કરશે

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર વિશ્વમાં ફેલાયેલા કોરોના નામક રોગથી બચવા અને વિશ્વ શાંતિના ઉદ્દેશ્યથી નવકાર પરિવાર મુંબઈ દ્વારા આજે સમગ્ર વિશ્વના જૈનો દ્વારા ૯૯ કરોડ ૯૯ લાખ ૯૯,૯૯૯ નવકાર મંત્ર ના જાપનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમાં શ્રી સ્થાનક વાસી જૈન સંઘ સે-૨૨ ગાંધીનગર ના ૧૦૫ પરિવાર ના ૨૫૩ સભ્યો દ્વારા કુલ ૨,૭૫,૫૦૦ મંત્રો ના જાપ કરવામાં આવશે. સંઘના ઈતિહાસમાં આ સૌ પ્રથમ ઘટના છે તેમ સંસ્થાના પ્રમુખ આર ડી. ગાંધી દ્વારા જણાવાયું છે.